# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-02-2025** **Morning: 7.45 TO 7.55**

**Day :WEDNESDAY** **National News**

### આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

****************************************************

1) સવારે સાતના ટકોરે દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટેનું મતદાન શરૂ .. પ્રધાનમંત્રી અને દિલ્હીના ઉપરાજ્યપાલે દિલ્હીના લોકોને વધુને વધુ મતદાન કરવા અપીલ કરી
2) અમેરિકાથી ભારતીયોને પરત લઇને આવતું અમેરિકન વિમાન આજે દિલ્હી પહોંચશે
3) સંસદમાં રાષ્ટ્રપતિના અભિભાષણનો આભાર પ્રસ્તાવ લોકસભામાં સ્વીકારાયો
4) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહાકુંભમાં પ્રયાગરાજ ખાતે ત્રિવેણી સંગમમાં આસ્થાની ડુબકી લગાવશે
5) મુંબઇમાં આજથી ત્રણ દિવસ માટે ભારતીય રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિની બેઠક શરૂ થશે
6) ઇંગ્લેંડ સામેની વન ડે શ્રેણી માટે ભારતીય ટીમમાં વરૂણ ચક્રવર્તીનો સમાવેશ કરાયો

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DELHI ELECTION

દિલ્હીમાં આજે વિધાનસભાની ચૂંટણી માટે સવારે સાત વાગ્યાના ટકોરે મતદાન શરૂ થઇ ગયું છે. સલમતીની સઘન વ્યવસ્થા વચ્ચે આજે સાંજે ૬ વાગ્યા સુધી આ મતદાન થશે. દિલ્હીની 70 બેઠક માટે ૬૯૯ ઉમેદવારો માટે એક કરોડ છપ્પન લાખથી વધુ લાયક મતદારો મતદાન કરશે. ચૂંટણી મેદાનમાં મુખ્ય ઉમેદવારોમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ, દિલ્હીના મુખ્યમંત્રી આતિશી અને દિલ્હીના મંત્રી ગોપાલ રાય, ભાજપના વિજેન્દ્ર ગુપ્તા, પ્રવેશ વર્મા, રમેશ બિધુરી અને કૈલાશ ગહલોતનો સમાવેશ થાય છે. કોંગ્રેસે સંદીપ દીક્ષિત, હારૂન યુસુફ અને અલકા લાંબાને મેદાનમાં ઉતાર્યા છે.

રાષ્ટ્રીય રાજધાનીમાં મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ મતદાન માટે સઘન વ્યવસ્થા કરવામાં આવી છે. ૭૦ વિધાનસભા મતવિસ્તારમાં ૧૩ હજાર સાતસોથી વધુ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. આમાંથી ૭૦ મતદાન મથકો સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા સંચાલિત છે, જ્યારે ૭૦ અન્યનું સંપૂર્ણ સંચાલન દિવ્યાંગજનો દ્વારા કરવામાં આવી રહ્યું છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# LG VOTEING APPEAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમામ નાગરીકોને મતદાન કરવા અનુરોધ કર્યો છે.

દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાએ રાષ્ટ્રીય રાજધાનીના મતદારોને આજે મતદાન કરીને લોકશાહીના ઉત્સવમાં ભાગ લેવા અપીલ કરી છે. તેમના સંદેશમાં, શ્રી સક્સેનાએ કહ્યું કે, મતદાન એક અવાજ છે, અને તે શહેરના લોકોને દિલ્હીને તેઓ જે રીતે આકાર આપવા માંગે છે તે રીતે આકાર આપવાની શક્તિ પ્રદાન કરે છે. તેમણે કહ્યું કે આ ચૂંટણીમાં લોકોની ભાગીદારી એક મજબૂત અને જીવંત લોકશાહીનો પાયો છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# US -DEPORTATION

ભારતીયોને લઈ જતું એક અમેરિકન લશ્કરી વિમાન આજે ભારત પહોંચશે. ભારતીયોને પરત લઇને આવતી ફ્લાઇટ અંગે નવી દિલ્હીમાં યુએસ દૂતાવાસના પ્રવક્તાએ આજે જણાવ્યું હતું કે વોશિંગ્ટન ઇમિગ્રેશન કાયદા કડક કરી રહ્યું છે અને ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને પરત તેમના દેશ મોકલી રહ્યું છે. યુએસ એરફોર્સના C-17 ગ્લોબમાસ્ટર વિમાને ટેક્સાસ નજીકના એક એરબેઝ પરથી દેશનિકાલ કરાયેલા ભારતીયોને લઈને ઉડાન ભરી હતી. જોકે, વિમાનમાં કેટલા લોકો સવાર હતા તે અંગે કોઈ સ્પષ્ટતા નથી. યુએસ કાર્યવાહી અંગે ભારત તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી મળી નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# LS-PM-MOTION OF THANKS -1

સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિના સંબોધન પર આભાર પ્રસ્તાવ લોકસભાએ સ્વીકાર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જવાબ પછી ગઈકાલે ધ્વનિમત દ્વારા આ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. આભાર પ્રસ્તાવ પર ગૃહમાં ચર્ચાનો જવાબ આપતા, પ્રધાનમંત્રી બંધારણમાં સમાવિષ્ટ મૂલ્યોને મજબૂત કરવા માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. રાષ્ટ્રપતિના સંબોધનનો ઉલ્લેખ કરીને તેમણે બંધારણના 75 વર્ષ પૂર્ણ થવા પરની વિસ્તૃત ચર્ચા કરવા અગે પ્રકાશ પાડ્યો હતો,

શ્રી મોદીએ કહ્યું કે, તેમના કાર્યકાળ દરમિયાન મૂડી ખર્ચ માટે બજેટ ફાળવણીમાં મોટો વધારો થયો છે અને તે વધારીને 11 લાખ 21 હજાર કરોડ રૂપિયા કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, સરકારે શાસનમાં પારદર્શિતા લાવતા ત્રણ લાખ કરોડ રૂપિયા બચાવ્યા છે. તેમણે કહ્યું કે, છેલ્લા દસ વર્ષમાં મધ્યમ વર્ગને કર પ્રોત્સાહનો આપવા માટે વિવિધ પગલાં લેવામાં આવ્યા છે .સરકારે 12 લાખ રૂપિયા સુધીની આવકવેરા છૂટની જાહેરાત કરી છે જે મધ્યમ વર્ગના નાણાકીય ક્ષેત્રને મજબૂત બનાવવા તરફ એક મોટું પગલું છે....1

(બાઇટ- નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી)

## LS-PM-MOTION OF THANKS -2

તેમણે કહ્યું કે, તેમની સરકારે ગરીબ લોકોના કલ્યાણ માટે અનેક પગલાં લીધા છે જેના પરિણામે 25 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. શ્રી મોદીએ ખાતરી આપી કે તેમની સરકાર 100 ટકા યોજનાઓ પર ભાર મૂકીને વિકસિત ભારતના વિઝનને પ્રાપ્ત કરવા માટે કામ કરી રહી છે. તેમણે રાષ્ટ્રપતિના સંબોધનને પ્રેરણાદાયક ગણાવ્યું જે વિકસિત ભારતના સંકલ્પને મજબૂત બનાવે છે, નવી આશા આપે છે અને લોકોને પ્રેરણા આપે છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે તેમની સરકારે ગરીબોના દર્દ અને મધ્યમ વર્ગની આકાંક્ષાઓને સમજીને સમાજના તમામ વર્ગો માટે કામ કર્યું છે.

પ્રધાનમંત્રીએ AI ની શક્તિનો ઉપયોગ ,SC, ST અને OBC સમુદાયોને મહત્તમ તકો ,આદિવાસીઓ માટે એક અલગ મંત્રાલયની રચના સહિતના મુદ્દાઓને તેમણે જવાબમાં આવરી લીધા હતા..

જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ 370 રદ કરવાના સરકારના નિર્ણયને કારણે સ્થાનિક લોકોને થયેલા ફાયદાઓને પણ તેમંણે વર્ણવ્યા હતા.. નકસલવાદને નેસ્તનાબૂદ કરવાના સરકારના પ્રયાસનો પણ આ જવાબમાં પ્રધાનમંત્રીએ ઉલ્લખ કર્યો હતો.

આ ઉપરાંત પ્રધાનમંત્રીએ ઔદ્યોગિક વિકાસ અને રોજગારીની તકો સર્જવાના સરકારના અભિગમને પણ પ્રકાશિત કર્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

**(ગોન્ગ મ્યુઝિક)**

..................................................................

# PM MAHAKUMBH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે મહાકુંભ મેળાની મુલાકાત લેશે. તેમની મુલાકાત દરમિયાન, શ્રી મોદી સંગમમાં પવિત્ર સ્નાન કરશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ આ પ્રસંગે હાજર રહેશે.

તેમની મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી ગંગા, યમુના અને સરસ્વતી નદીના સંગમ ત્રિવેણી સંગમમાં પૂજા કરશે. તેઓ મહાકુંભમાં સંતો અને સાધુઓને પણ મળે તેવી શક્યતા છે. મહાકુંભ મેળો ૧૩ જાન્યુઆરીએ શરૂ થયો હતો અને અત્યાર સુધીમાં ૩૮ કરોડથી વધુ ભક્તોએ ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કર્યું છે.

# SHAH-J&K MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે નવી દિલ્હીમાં જમ્મુ અને કાશ્મીર પર સુરક્ષા સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં ગૃહ સચિવ ગોવિંદ મોહન, સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

ગયા મહિને યોજાયેલી સમીક્ષા બેઠકમાં, કેન્દ્રીય ગૃહમંત્રીએ તમામ સુરક્ષા એજન્સીઓને આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતા નીતિ અપનાવવા અને જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદને નાબૂદ કરવા માટે સંકલિત રીતે કામ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે મિશન મોડમાં એરિયા ડોમિનેશન પ્લાન અને શૂન્ય આતંકવાદ યોજનાના અમલીકરણ પર ભાર મૂક્યો હતો. તે બેઠકમાં, શ્રી શાહે આતંકવાદી ઘટનાઓ, ઘૂસણખોરી અને આતંકવાદી સંગઠનોમાં યુવાનોની ભરતીમાં નોંધપાત્ર ઘટાડો કરવા માટે સુરક્ષા એજન્સીઓના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SHIVRAJ-WATERSHED YATRA

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે "જલ લાવે ધન-ધાન્ય" થીમ સાથે હાઇબ્રિડ મોડમાં વોટરશેડ યાત્રા શરૂ કરશે. ગઈકાલે નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે, વોટરશેડ વિકાસ પ્રવૃત્તિઓ વિશે જાગૃતિ લાવવાનો હેતુ ધરાવતી આ જન સંપર્ક ઝુંબેશ 26 રાજ્યો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 6 હજાર 673 ગ્રામ પંચાયતોને આવરી લેશે. તેમણે ઉમેર્યું હતું કે આ ઝુંબેશ દ્વારા, પાણી સંરક્ષણ અને જમીન વિશે લોકોમાં જાગૃતિ લાવવામાં આવશે. તેમણે વધુને વધુ લોકોને આ ઝુંબેશમાં જોડાવા અપીલ કરી હતી.

**(બાઈટ : શિવરાજ સિંહ ચૌહાણ / મેઇલ)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RBI-MONETARY POLICY

ભારતીય રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિ, એમપીસીની ત્રણ દિવસીય બેઠક આજથી મુંબઈમાં શરૂ થશે. આ બેઠક શુક્રવાર સુધી ચાલુ રહેશે. RBI ગવર્નર સંજય મલ્હોત્રા શુક્રવારે સવારે વ્યાજ દરો પર MPC ના નિર્ણયોની જાહેરાત કરશે. નવા નિયુક્ત RBI ગવર્નરની અધ્યક્ષતામાં આ પહેલી બેઠક હશે. હાલમાં, બેંકે ફેબ્રુઆરી 2023 થી રેપો રેટ 6.5 ટકા યથાવત રાખ્યો છે. વપરાશ-આધારિત માંગને વેગ આપવાના હેતુથી કેન્દ્રીય બજેટમાં તાજેતરમાં કરવામાં આવેલી અનેક પહેલોની જાહેરાતને પગલે, નિષ્ણાતો આગાહી કરે છે કે RBI મુખ્ય વ્યાજ દરમાં 25 બેસિસ પોઈન્ટનો ઘટાડો કરે તેવી શક્યતા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET-VARUN

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે આવતીકાલથી ઇંગ્લેન્ડ સામે શરૂ થનારી ત્રણ મેચની ODI શ્રેણી માટે વરુણ ચક્રવર્તીને ભારતીય ટીમમાં સામેલ કર્યો છે. વરુણે ૧૪ વિકેટ લીધી હતી, જેમાં તાજેતરમાં ઇંગ્લેન્ડ સામેની ૫ મેચની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં રાજકોટમાં પાંચ વિકેટ લેવાનો પણ સમાવેશ થાય છે. તેના શાનદાર બોલિંગ પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ સિરીઝ પણ રહ્યો હતો. વરુણ રોહિત શર્માની આગેવાની હેઠળની ODI ટીમમાં જોડાયો છે, જે આવતીકાલે નાગપુરના વિદર્ભ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં પ્રવાસી ટીમ સામે રમવા માટે સજ્જ છે. આ મેચ બપોરે ૧:૩૦ વાગ્યે શરૂ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

1) રાજ્ય સરકાર દ્વારા સમાન નાગરિક સંહિતા- UCC માટે સમિતિની રચના કરી તે સમાચાર મોટાભાગના અખબારોએ મુખ્ય શીર્ષકમાં લીધા છે. ફૂલછાબ લખે છે, ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાની તૈયારી. નવગુજરાત સમયે “ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડનો તખ્તો તૈયાર” ને મુખ્ય શીર્ષક બનાવ્યું છે. દિવ્ય ભાસ્કર લખે છે, હવે ગુજરાતમાં એક કાયદો; કમિટીની રચના, 45 દિવસમાં રિપોર્ટ, આદિવાસી બાકાત રહેશે.

2) ગુજરાત સમાચારનું મુખ્ય શીર્ષક છે, અમેરિકાએ કાઢી મૂકેલા 205 ભારતીયોનું આજે ‘સ્વદેશ આગમન’. સંદેશ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવેદનને ટાંકીને લખે છે, ઝૂંપડીમાં ફોટો સેશન કરે તેને વાત બોરિંગ લાગે.

3) રાજસ્થાન પત્રિકાનું મુખ્ય શીર્ષક છે, અમરિકી સૈન્ય વિમાન 205 અવૈધ પ્રવાસિયોં કો લેકર ભારત રવાના.

4) “સાઉદીમાં ડ્રગ્સ સાથે ઝડપાયેલા ગોધરા પાલિકાના સભ્યને 25 વર્ષની કેદ”ના શીર્ષક સાથે સમાચાર ગુજરાત સમાચારે છેલ્લા પાના પર લીધા છે.

5) સંદેશ છેલ્લા પાના પર લખે છે, બેટ દ્વારકામાં ડિમોલિશનને પડકારતી તમામ અરજીઓ હાઈકોર્ટે ફગાવી.

6) નવગુજરાત સમય છેલ્લા પાના લખે છે, USમાં ગેરકાયદે ઘૂસેલા 40 ગુજરાતી સહિત 250 લોકો આજે પરત આવશે.

--------------------